**કૃપાકરી પ્રસિદ્ધિ માટે** **૭ જાન્યુઆરી ૨૦૧૪**

## બે દિવસમાં પેટ્રોલનો ભાવવધારો બે વખત

### *સરકારનું મગજ તો ઠેકાણે છે ને ? : રામ નાઈક*

**મુંબઈ,મંગળવાર, :** "મોંઘવારીના દુષ્ચક્રને વેગ આપનારા સંવેદનશીલ પેટ્રોલ અને ડિઝલના ભાવ બે દિવસમાં બે વખત વધારવામાં આવ્યા છે. લોકમાન્ય ટિળક ની ભાષામાં કહીએ તો કોંગ્રેસ સરકાર નું મગજ તો ઠેકાણે છે ને તેવો સવાલ ઊભો થાય છે. ૩ જાન્યુઆરીનાં લિટરદીઠ પેટ્રોલના ભાવ રૂ.૧.૧૧ અને ડિઝલના ભાવ રૂ.૦.૭૧ વધારવામાં આવ્યા ત્યારબાદ બેજ દિવસમાં અર્થાત ૫ જાન્યુઆરી ના પેટ્રોલના ભાવ રૂ. ૧.૬૪ અને ડિઝલના ભાવ રૂ.૧.૦૯ આ પ્રમાણે વધારવામાં આવ્યા છે. આ ભાવવધારો બે દિવસમાં શા માટે અને કઈ રીતે કરવામાં આવી તેનો ખુલાસો પેટ્રોલિયમ પ્રધાન શ્રી વિરપ્પા મોઈલીએ કરવો જોઈએ", આ મુજબની માગણી ભારતીય જનતા પક્ષ ના નેતા અને માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે આજે મુંબઈ ખાતે પત્રકાર પરિષદમાં કરી છે.

દિલ્લી, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ રાજયોમાં દારૂણ પરાજયનું મોંઘવારી પ્રમુખ કારણ હોવાનું વડાપ્રધાન મનમોહન સિંહે ૩ જાન્યુઆરી ૨૦૧૪ ના લીધેલ પત્રકાર પરિષદમાં માન્ય કર્યું હતું. છતાંય કોંગ્રેસે આ પરાજય માંથી કોઈ પણ જાતનો ધડો લીધો નથી. જીવનાવશ્યક વસ્તૂના ભાવોમાં એક તુલનાત્મક પત્રક શ્રી રામ નાઈકે પ્રસિદ્ધ કર્યું હતું જેમાં વાજપેયી સરકારના કાર્યકાળ ૨૦૦૪ માં ના ભાવ અને યુપીએ -૧ ના કાર્યકાળ અર્થાત એપ્રિલ ૨૦૦૯ અને અને યુપીએ - ૨ ના કાર્યકાળમાં એટલેકે ૫ જાન્યુઆરી ૨૦૧૪ ના ભાવ અને કિમત માં થયેલ તુલનાત્મક વધારો આપવામાં આવેલ છે. પત્રકમાં આપેલ માહિતી મુજબ પેટ્રોલ લિટરદીઠ ૨૦૦૪ માં રૂ. ૩૩.૧૫ હતું અને હવે તે રૂ.૮૧.૩૧ (૧૪૫% વધારો ), ડિઝલ રૂ.૨૨.૫૦ પરથી હવે રૂ.૬૧.૫૧ (૧૭૮% વધારો) અને ઘાસલેટ રૂ.૧૮ પરથી રૂ.૭૦ (૨૮૯% વધારો) થયેલ છે. રાંધણગેસ એલપીજી ના સિલિંડર રૂ.૨૪૪ પરથી વિના અનુદાનિત રૂ.૧,૨૬૪.૫૦ (૪૧૮% વધારો) આટલો થયેલ છે. પેટ્રોલ પદાર્થના ભાવવધારા ને કારણે મોંઘવારી ના દુષ્ચક્રને વધુ વેગ મળે તેવું પણ શ્રી રામ નાઈકે કહ્યું હતું.

..2..

ઈથેનૉલ જેવા પર્યાયી ઈંધણનો ઉપયોગ ન કરવાને કારણે, તેમજ પેટ્રોલ, ડિઝલની વધુ ખપત ને કારણે કાચા તેલની આયાત વાજપેયી ના સમયમાં કુલ જરૂરિયાતની ૭૦ ટકા હતી જે હવે ૮૦ ટકા થઈ ગઈ છે. અધુરામાં પુરૂં ડૉલર-રૂપિયા નો વિનિમય દર ૨૦૦૪માં રૂ.૪૫.૧૦ હતો તેની બદલે હવે રૂ.૬૨.૧૭ અર્થાત ૩૮ ટકાએ વધેલ છે. તેથી કાચા તેલના આયાતીના વધેલા ભાવની સાથે સાથે જ ૩૮ ટકા વધુ રકમ આપવી પડે છે તેમ પણ શ્રી રામ નાઈકે કહ્યું છે.

ખાદ્ય પદાર્થમાં ઘઉં નો ભાવ ૨૦૦૪ ના કિલોદીઠ રૂ.૯ પરથી હવે રૂ. ૨૮ (૨૧૧% વધારો) , ચોખા રૂ.૧૦ પરથી રૂ.૩૦ (૨૦૦% વધારો), ગોળ રૂ. ૧૪ પરથી રૂ.૪૫ (૨૨૧% વધારો) થયેલ છે. શાકભાજીમાં થયેલ ભાવવધારો આના કરતાંય ભયંકર છે, કાંદા રૂ. ૬ પરથી રૂ.૩૦ (૪૦૦% વધારો), બટેટા રૂ.૮ પરથી રૂ.૩૦ (૨૭૫% વધારો) થયેલ છે. દૂધ રૂ.૧૪ લિટર દીઠ પરથી રૂ.૫૬ (૩૦૦% વધારો) અને મહત્વની દાળો માં તુવેરદાળ રૂ.૩૦ પરથી રૂ.૮૦ (૧૬૭% વધારો), મગની દાળ રૂ.૨૪ પરથી રૂ.૧૦૮ (૩૫૦%વધારો) અને ચણાની દાળ રૂ.૨૫ પરથી રૂ.૫૮ (૧૩૨% વધારો) થયેલ છે.

"આર્થિક પ્રગતીનો દર 'સકળ દેશાંતર્ગત ઉતપન્ન' (જીડીપી) પરથી ગણવામાં આવે છે. આ દર ૨૦૧૨-૨૦૧૩ માં ૫% રહેશે તવું ભારત સરકાર ના સાંખ્યિકી સંગઠને જાહેર કર્યું હોવાથી તે પાછલાં ૧૦ વર્ષમાં સહુથી ઓછો હોવાથી જાણે ચેતવણી નો ઘંટ વગાડી રહ્યો છે. એ સિવાય છુટક મોંઘવારી દર નવેંબર ૨૦૧૩માં વિક્રમી ગતીએ અર્થાત ૧૧.૨૪ ટકાએ વધ્યો છે. મોંઘવારીના વિરોધમાં તેમજ કેંદ્ર અને રાજ્ય સરકાર ના ભ્રષ્ટાચાર ના વિરોધમાં જનજાગૃતીનું અભિયાન ભારતીય જનતા પાર્ટી તરફથી સ્થાનિક ધોરણે ચાલૂ જ રહેશે" તેમ પણ શ્રી રામ નાઈકે કહ્યું છે.

**( કાર્યાલય સચિવ )**

**સંલગ્ન : પત્રક**

**૫ જાન્યુઆરી ૨૦૧૪**

## ભારતીય જનતા પક્ષ

### જીવનાવશ્યક વસ્તૂઓનાં વધતાં ભાવો

### (બધાંજ ભાવ મુંબઈની દુકાનોનાં છે - સંકલક શ્રી રામ નાઈક અને શ્રી ગિરધર સાળુંખે)

| વસ્તૂ | ભાજપ નાં શાસન માં ભાવ (પ્રતિ કિલો) મે 2004 | કોંગ્રેસ શાસનમાં ભાવ (પ્રતિ કિલો રૂ. ) **2 ફેબ્રૂઆરી 2009** | કોંગ્રેસ શાસનમાં ભાવ (પ્રતિ કિલો રૂ. ) **5 જાન્યુઆરી 2014** | ૨૦૦૪ ની સરખામણીએ (વૃધ્ધી પ્રતિશત) |
|---|---|---|---|---|
| ઘઉં | 9 | 20 | 28 | 211 % |
| ચોખા | 10 | 22 | 30 | 200 % |
| સાકર | 14 | 23 | 38 | 171 % |
| ચાની ભૂકી | 80 | 180 | 300 | 275 % |
| તેલ | 40(લિટર દીઠ) | 86(લિટરદીઠ) | 88 | 120 % |
| ડાલડા | 40 | 60(લિટર દીઠ) | 100 | 150 % |
| તુવેર દાળ | 30 | 100 | 80 | 167% |
| મગની દાળ | 24 | 54 | 108 | 350 % |
| મસૂર ની દાળ | 22 | 68 | 78 | 255 % |
| ચણાની દાળ | 25 | 42 | 58 | 132% |
| ગોળ | 14 | 32 | 45 | 221% |
| ચણાનો લોટ | 20 | 48 | 64 | 220 % |
| બટેટા | 8 | 12 | 30 | 275% |
| કાંદા | 6 | 20 | 30 | 400 % |
| ટમેટા | 9 | 10 | 20 | 122% |
| દૂધ | 14 (લિટરદીઠ) | 28 (લિટર દીઠ) | 56 (લિટર દીઠ) | 300 % |
| ઘાસલેટ | 18 (લિટર દીઠ) | 25 (લિટર દીઠ) | 70(લિટર દીઠ) | 289 % |
| રાંધણ ગેસ | 244 (સિલિંડર દીઠ) | 312 (સિલિંડર દીઠ) | 444.50 (સિલિંડરદીઠ)<br>*1264.50(સિલિંડર દીઠ) (વિના અનુદાનિત) | 82 %<br>418% |
| પેટ્રોલ | 33.15 (લિટર દીઠ) | 44.60 (લિટર દીઠ) | 81.31(લિટર દીઠ) | 145 % |
| ડિઝલ | 22.50 (લિટર દીઠ) | 34.50 ( લિટર દીઠ) | 62.60( લિટર દીઠ) | 178 % |
| સીએનજી | 19.71(કિલો દીઠ) | 24.65(કિલો દીઠ) | 38.95(કિલો દીઠ) | 98% |
| ડોલર $ | **રૂ. 45.10** | રૂ.50.5 | **રૂ.62.17** | 38 % |

વિશેષ :

૧.૨૦૧૨ - ૨૦૧૩ નું આખા દેશાંર્તગત ઉતપન્ન (જીડીપી) ૫ ટકા રહેશે તેવું ભારત સરકાર ની સાંખ્યિકી સંગઠને જાહેર કરેલું છે. આ દર પાછલાં દસ વર્ષ માં સહુથી ઓછો ગયો હોઈ જાણે કે ચેતવણી નો ઘંટ વાગી રહ્યો છે. ૩૧ ઑગષ્ટ ૨૦૧૩ ના એપ્રિલ-જૂન ૨૦૧૩ ના ત્રિમાસીક દર ૪.૪ ટકા જાહેર થયો હોઈ તે પાછલાં ચાર વર્ષ માંનો સહુથી નીચાંક છે. અને નાનીમોટી મોંઘવારી નો દર નવેંબર ૨૦૧૩ માં વિક્રમી ગતિએ અર્થાત ૧૧.૨૪ ટકાએ વધ્યો છે.

૨. એ સિવાય ડૉલર અને રૂપિયા નો વિનિમય દર ૨૦૦૪ માં રૂ.૪૫.૧૦ હતો તે હવે રૂ.૬૨.૧૭ અર્થાત ૩૮ ટકા એ વધેલ છે. આનો જ અર્થ આપણને આયાત કરતી વેળાં ૩૮ ટકા વધુ ભાવ આપવો પડે છે. હાલ આપણી આયાત નિર્યાત કરતાં વધુ હોવાથી રૂપિયા ના અવમૂલ્યનનો જોરદાર ફટકો ભારતીય અર્થવ્યવસ્થાને પડી રહ્યો છે.

૩.કાચા તેલ (ક્રૂડ ઑઈલ) ની આયાત ૭૦ ટકા પરથી ૮૦ ટકા પર ગયેલી છે તેમજ આંતરરાષ્ટ્રીય બજાર માં તેલ નો ભાવ ખૂબજ વધી ગયેલ છે.તેથી સર્વાંગિણ ભાવવધારાના દુષ્ચક્રની ગતી ઘણી વધુ છે. ડિસેંબર ૨૦૧૩ માં ચાર રાજ્ય ની વિધાનસભા ચૂંટણીમાં થયેલ કોંગ્રસનો દારૂણ પારજય મુખ્યત્વે મોંઘવારી ને કારણે એ વડાપ્રધાન મનમોહન સિંહે ૩ જાન્યુઆરી ૨૦૧૪ ના રોજ લીધેલ પત્રકાર પરિષદમાં માન્ય કરેલ છે. પત્રકાર પરિષદ ના દિવસેજ પેટ્રોલ અને ડિઝલ ના ભાવ લિટર દીઠ અનુક્રમે રૂ.૧.૧૧ અને રૂ. ૦.૭૧ વધારવામાં આવ્યા. ફરી બે જ દિવસમાં અનુક્રમે રૂ.૧.૬૪ અને રૂ.૧.૦૯ આ મુજબ વધારવામાં આવ્યા છે. સરકારનું મગજ ઠેકાણે ન હોવાનું આની સાબિતી છે.